# ધોરણ-૩ - જવાબપત્ર.

Page No. ____ Date ____

પ્ર-૨ -

૧) જન્મ, જરા, મૃત્યુ, અને શોકનો અત્યંત નાશ કરનાર, કલ્યાણ અને સંપૂર્ણ વિશાળ સુખને આપનાર, દેવ-દાનવ અને મનુષ્યોના સ્વામીના સમૂહથી પૂજાયેલ એવા ધર્મના સારને પામીને કોણ પ્રમાદ કરે!

૨) ઈચ્છા કરું છું કાયોત્સર્ગ કરવા જે મેં દિવસ સંબંધી કાયાથી, વચનથી, અને મનથી અતિચાર કર્યો હોય, જિનાગમ વિરુદ્ધ બોલવાથી, ઉન્માર્ગને સેવવાથી, અકલ્પ્યપણાથી ઉત્પન્ન થયો હોય, નહીં કરવા તે કરીને, દુર્ધ્યાન ધ્યાવવાથી, દુષ્ટ ચિંતન કરવાથી, અનાચાર કરવાથી જે શ્રાવકને કરવા યોગ્ય નથી. તે કરવાથી થયેલ અતિચાર જ્ઞાનને વિષે, દર્શનને વિષે, દેશવિરતિ રૂપ શ્રાવકધર્મને વિષે, શ્રુત સિધ્ધાંતને વિષે, સામાયિકને વિષે, ત્રણ ગુપ્તિને વિષે, ચાર કષાયને વિષે, પાંચ અણુવ્રતને વિષે, ત્રણ ગુણવ્રતને વિષે, ચાર શિક્ષાવ્રતને વિષે, એમ બાર પ્રકારના શ્રાવક ધર્મને જે દેશથી ભાંગ્યુ હોય કે જે સર્વથી વિરાધ્યું હોય તો મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

૩) અણશણ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, વિગઈત્યાગ, કાયક્લેશ, સંલીનતા એ છ પ્રકારે બાહ્ય તપ છે.

૪) જિનવરમાં શ્રેષ્ઠ એવા વર્ધમાન સ્વામીને કરેલો એક પણ નમસ્કાર પુરુષને કે સ્ત્રીને સંસાર સમુદ્રથી તારે છે.

૫) કામભોગની કથા કરવી, હાંસી આવે એવી કામચેષ્ટા કરવી, વાચાળપણે અઘટિત વચન બોલવાં, શસ્ત્ર વગેરે સજ્જ કરવાં, ઉપભોગ પરિભોગની વસ્તુ જરૂર કરતાં વિશેષ રાખવી અનર્થદંડ વિરમણ નામના ત્રીજા ગુણવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદુ છે.

૬) જેમ શરીરમાં વ્યાપેલા સર્પાદિકના વિષને મંત્ર મૂળના જાણનાર વૈદ્યો મંત્રોએ કરીને નાશ કરે છે ત્યારે તે શરીર વિષરહીત થાય છે.

પ્રશ્ન-૫

(પ) આત્મા નથી પરભવ નથી વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી,
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ આપશ્રી તો પણ અરે,
દીવો લઈ કૂવે પડ્યો ધિક્કાર છે મુજને ખરે. - (૧૭)

- હું કામધેનુ કલ્પતરુ ચિંતામણિના પ્યારમાં,
હોવા છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં,
જે પ્રગટ સુખ દેનાર, તારો ધર્મ તે સેવ્યો નહીં,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ! કર કરુણા કંઈ. (૧૮)

- હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારનાં યશ પણ ઉપાર્જન નવ કર્યો,
વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઈ કાર્યો નવ કર્યો,
ફોગટ અરે આ લક્ષ ચોરાશી, તણા ફેરા ફર્યા. (૨૫)

પ્રશ્ન-૩

૧) અઢી દ્વીપ = જંબુદ્વીપ + ધાતકીખંડ + અર્ધ પુષ્કરવર દ્વીપ

૨) નાણંમિ - પંચાચાર સૂત્ર
૩) વાંદણા સૂત્ર - આદશાવર્ત વંદન.

૩) અવગ્રહ - ગુરુ ભગવંત અને આપણી વચ્ચે જે અંતર રખાય તે અવગ્રહ

૪) શ્રી વીતરાગનાં વચનમાં શંકા કરી હોય, જૈનધર્મ સિવાય બીજા ધર્મની ઈચ્છા કરી હોય, સાધુ સાધ્વીના મલિન વસ્ત્રો દેખી દુર્ગંછા કરી હોય, ધર્મના ફળમાં સંદેહ કર્યો હોય, અન્ય ધર્મની પ્રશંસા કરી હોય, મિથ્યાત્વીઓનો પરિચય કર્યો હોય સમ્યક્ત્વનાં આ પાંચ અતિચાર માંથી જે અતિચાર લાગ્યા હોય તો દિવસ સંબંધી સર્વ અતિચાર ને હું પ્રતિક્રમુ છું.

૫) વંદિત્તુ બોલતી વખતે વીરાસન મુદ્રા હોય છે આ મુદ્રા શૂરવીર ની મુદ્રા છે, લાગેલા અતિચારોના પાપની નીંદા અને ગર્હા દ્વારા ધિક્કાર કરવાનો છે. માટે આ મુદ્રાએ બેસવુ જોઈએ.

પ્રશ્ન-૬

૧) ૧) પક્ખી પ્રતિક્રમણ - ૧૨ લોગસ્સનો કાઉસગ્ગ.
૨) સંવત્સરી - ૪૦ લોગ્ગસ ઉપર એક નવકારનો કાઉસગ્ગ.

૨) પક્ખી તપ - ચઉત્થેણ એક ઉપવાસ, બે આયંબિલ, ત્રણ નિવિ, ચાર એકાસણા, આઠ બિયાસણા, બે હજાર સ્વાધ્યાય યથાશક્તિ તપ કરી પહોંચાડવો.
ચોમાસી તપ - છટ્ઠેણં, બે ઉપવાસ, ચાર આયંબિલ, છ નિવિ, આંઠ એકાસણા, સોળ બિયાસણા ચાર હજાર સ્વાધ્યાય ધ્યાન યથાશક્તિ તપ કરી પહોંચાડવો.

૩)

સંવત્સરિ

③ સંવત્સરિ મુહપત્તિ પડિલેહું - પછી બે વાંદણા

- ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સંબુદ્ધા ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અભિંતર, સંવત્સરિ ખામેઉં ? ઇચ્છં, ખામેમિ ..., બાર માસાણં ચોવીસ પક્ખાણં 360 રાઈદિયાણં જંકિંચિ.
- ઇચ્છા. સંદિસહ ભગવન્ સંવત્સરિ આલોઉં ? ઇચ્છં આલોએમિ જો મે સંવત્સરિ ... દુક્કડં.
- ઇચ્છા. સંદિસહ ભગવન્ સંવત્સરિ અતિચાર આલોઉં? ઇચ્છં - અતિચાર બોલવા
- સવ્વસ્સવિ, સંવત્સરિ, દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ ઇચ્છા, તસ્સ મિચ્છામિ દુક્કડં,
- ઇચ્છકારી ભગવન્ પસાય કરી સંવત્સરિ પ્રસાદ કરાવશોજી સંવત્સરિ તેમે એક અઠ્ઠમ, ત્રણ ઉપવાસ, છ આયંબીલ, નવ નિવિ, બાર એકાસણા, ચોવીસ બિયાસણા, છ હજાર સ્વાધ્યાય યથાશક્તિ તપ કરી પહોંચાડવો.
- બે વાંદણા - ઇચ્છા. પત્તેય ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અભિંતર પક્ખિઅં ખામેઉં ? ઇચ્છં ખામેમિ પક્ખિઅં એક પક્ખસ્સ પનરસ રાઈદિયાણં જંકિંચિ - સકલ સંઘ - મિચ્છામિ દુક્કડં - બે વાંદણા દેવા.
- ઇચ્છા. સંદિ. ભગવન્ ! પક્ખિઅં પડિક્કમું ? સમ્મં પડિક્કમામિ ઇચ્છં. કરેમિ ભંતે, ઇચ્છામિ પડિક્કમિઉં જો મે પક્ખિઓ અઇયારો.
- ખમાસમણ ઇચ્છા. સંદિ. ભગ. સંવત્સરિ સૂત્ર પઢું ? ઇચ્છં સંવત્સરિ સૂત્ર.
- સુઅદેવયા ની થોય.
- બેસીને જમણો ઢીંચણ ઉભો રાખી, એક નવકાર, કરેમિ ભંતે, ઇચ્છામિ પડિક્કમિઉં - સંવત્સરિ વંદિત્તુ.
- કરેમિ ભંતે, ઇચ્છામિ ઠામિ, તસ્સ ઉત્તરી, અન્નત્થ - ૪૦ લોગસ્સ ઉપર એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

④ સર્વે યક્ષામ્બિકાદ્યા યે, વૈયાવૃત્યકરા જિને:
ક્ષુદ્રોપદ્રવસંઘાતં તે દ્રુતં દ્રાવયન્તુ ન: